GENERATION NEW ERA A STUDY OF CHILDREN BORN IN THE 2020s

UCL

જનરેશન ન્યુ એરાનો ભાગ બનવાની તમારી તક

પ્રિય માતા-પિતા,

અમે તમને એ જણાવવા માટે લખી રહ્યા છીએ કે તમારી પાસે **જનરેશન ન્યુ એરા** – 2026 માં જન્મેલા બાળકો અને તેમના પરિવારોના એક નવા UK અભ્યાસનો ભાગ બનવાની તક છે. જો તમે તમારા બાળકના માતા-પિતામાંના અન્ય સાથે રહેતા હો, તો તેમને પણ આ પત્ર મળ્યો હોઈ શકે છે.

આ અભ્યાસ બાળકોના આરોગ્ય અને આપણી બદલાતી દુનિયામાં તેઓ કેવી રીતે મોટા થાય છે તે વિશે મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી એકત્રિત કરે છે. આનાથી સમગ્ર UK માં પરિવારો માટેની સહાયમાં સુધારો કરવામાં મદદ મળશે. આમાં માતાઓ અને પિતાઓ સાથે તેમના પોતાના અને તેમના બાળક વિશેના ઇન્ટરવ્યુનો સમાવેશ થાય છે. આભાર તરીકે, ભાગ લેનાર દરેક માતા-પિતાને એક ઈ-વાઉચર મળશે.

જનરેશન ન્યુ એરાનું નેતૃત્વ યુનિવર્સિટી કોલેજ લંડન (UCL) કરે છે. આ ઇન્ટરવ્યુ ત્રણ સ્વતંત્ર સંશોધન સંસ્થાઓ – Ipsos, NatCen અને Verian દ્વારા હાથ ધરવામાં આવશે. આની યુકવણી ઇકોનૉમિક એન્ડ સોશિયલ રિસર્ચ કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે.

હવે આગળ શું થશે?

- **તમારે અત્યારે કંઇપણ નક્કી કરવાની જરૂર નથી.**
- આગામી કેટલાક મહિનાઓમાં, અમે તમને વધુ વિગતો મોકલીશું અને તમને અભ્યાસમાં જોડાવા માટે આમંત્રિત કરીશું.
- ત્યારબાદ એક તાલીમ પામેલ ઇન્ટરવ્યુઅર તમારા સરનામાની મુલાકાત કરશે, તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપશે અને તમને પૂછશે કે શું તમે ભાગ લેવા માંગો છો.
- ભાગ લેવો કે નહીં તે તમારી પસંદગી છે અને તમે કોઈપણ સમયે પાછા હટી શકો છો.
- **જો તમે અભ્યાસ વિશે વધુ માહિતી મેળવવા ન માંગતા હો, અથવા જો તમે અભ્યાસનો ભાગ બનવા માંગતા ન હો, તો કૃપા કરીને અમને જણાવો અને અમે તમારો વધુ કોઈ સંપર્ક કરીશું નહીં.** તમે અમને ફ્રીફોન 0800 151 0610 પર કૉલ કરી શકો છો અથવા gnestudy@ipsos.com પર ઈમેલ મોકલી શકો છો. કૃપા કરીને આ પત્રની ટોચ પર તમારો સંદર્ભ નંબર સામેલ કરો.

તમારી મદદ માટે અગાઉથી આભાર. અમે ખરેખર આશા રાખીએ છીએ કે તમે આ મહત્ત્વપૂર્ણ અભ્યાસનો ભાગ બનવાનું નક્કી કરશો. વધુ માહિતી માટે કૃપા કરીને આ પત્રની પાછળ આપેલા પ્રશ્નો અને જવાબો વાંચો.

સાદર,

પ્રોફેસર એલિસા ગુડમેન CBE અભ્યાસ નિયામક, UK
યુનિવર્સિટી કોલેજ લંડન

કૃપા કરીને પાનું ફેરવો →

આમાં શેનો સમાવેશ થાય છે?

અમે માતાઓ અને પિતાઓને ઇન્ટરવ્યુમાં ભાગ લેવા માટે કહીશું. એક માતા-પિતા માટે ઇન્ટરવ્યુમાં લગભગ 60 મિનિટનો સમય લાગશે, અને અન્ય માતા-પિતા માટે લગભગ 30 મિનિટનો સમય લાગશે. **અભ્યાસમાં ભાગ લેવો એ સંપૂર્ણપણે તમારા પર નિર્ભર છે.**

તમારું બાળક મોટું થાય તેમ તે કેમ છે તે જાણવા માટે અમે દર થોડા વર્ષે તમારી સાથે ફરીથી વાત કરવા માંગીએ છીએ – આગામી સમય સંભવતઃ તેઓ 3 વર્ષના થશે ત્યારે હશે. તમે ભાગ લેવા માંગો છો કે નહીં તે નક્કી કરવાનું હંમેશા **તમારા પર નિર્ભર રહેશે**.

આ અભ્યાસ માટે મારી પસંદગી કેવી રીતે કરવામાં આવી?

ભાગ લેવા માટે આમંત્રિત કરાયેલા પરિવારો દરેક પ્રદેશ અને સમગ્ર UK ની વિવિધતાને દર્શાવે છે.

તમારા પરિવારની પસંદગી NHS England for England and Wales અને Public Health Scotland તેમજ National Records of Scotland દ્વારા રાખવામાં આવેલા **જન્મના રેકોર્ડમાંથી યાદૃચ્છિક** રીતે કરવામાં આવી હતી, જેમણે તમારું નામ, સરનામું અને તમારા તથા તમારા બાળક વિશેની વધારાની માહિતી પ્રદાન કરી છે.

જન્મના રેકોર્ડમાંથી માહિતી મેળવવા માટે અમારી પાસે NHS England ના સ્વતંત્ર Advisory Group for Data અને NHS Scotlandના Public Benefit and Privacy Panel પાસેથી વિશેષ મંજૂરી છે, જેથી અમે તમારો સંપર્ક કરી શકીએ. કોન્ફિડેન્શિયાલિટી એડવાઇઝરી ગ્રૂપની સલાહને પગલે, દર્દીની ગોપનીય માહિતીના સંમતિ વિના ઉપયોગને હેલ્થ રિસર્ચ ઓથોરિટી તરફથી સમર્થન મળ્યું છે. તમારો ડેટા અને ગોપનીયતા સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવા માટે તેઓએ આ અભ્યાસની કાળજીપૂર્વક સમીક્ષા કરી છે.

જો હું મારા બાળકના અન્ય માતા-પિતાથી અલગ રહેતો/રહેતી હોઉં તો શું?

દરેક બાળકના જીવનને સંપૂર્ણ રીતે સમજવામાં અમારી મદદ કરવા માટે, અમે એવી માતાઓ અથવા પિતાઓનો સમાવેશ કરવા માંગીએ છીએ જેઓ તેમના બાળકના અન્ય માતા-પિતાથી અલગ રહેતા હોય. જો તમે તમારા બાળકના અન્ય માતા-પિતાથી અલગ રહેતા હો, તો અમે તમનેતમારા ઇન્ટરવ્યૂ દરમિયાન તેમનો સંપર્ક કરવા વિશે પૂછીશું. જો તમે ઇચ્છતા હો કે અમે તમારા બાળકના અન્ય માતા-પિતાનો સંપર્ક ન કરીએ, અથવા જો તમને કોઈ ચિંતા હોય, તો તમે તમારા ઇન્ટરવ્યુઅરને જણાવી શકો છો.

મારી માહિતી કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવે છે?

તમારા જવાબો સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે અને તેનો ઉપયોગ માત્ર સંશોધન માટે જ કરવામાં આવશે. UCLને તમારા વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કરવાની મંજૂરી છે કારણ કે આ અભ્યાસ તમારી વ્યક્તિગત માહિતીનું રક્ષણ કરતા કાયદા, GDPR હેઠળ જાહેર હિતના કાર્ય માટે હાથ ધરવામાં આવે છે. જો તમે ભાગ ન લેવાનું પસંદ કરો છો, તો જન્મના રેકોર્ડમાંથી તમારું અને તમારા બાળકનું નામ અને સરનામું રાખવામાં આવશે નહીં કે અન્ય કોઈ હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવશે નહીં. અમને એ સમજવામાં મદદ કરવા કે કોણ ભાગ લે છે અને કોણ નથી લેતું, અને તારણો UK ના પરિવારોની વિશાળ શ્રેણીને દર્શાવે છે તે સુનિશ્ચિત કરવા માટે અમે જન્મના રેકોર્ડમાંથી અન્ય મર્યાદિત વસ્તી વિષયક માહિતીનો ઉપયોગ કરીશું. ત્યારબાદ અમે આ માહિતી સુરક્ષિત રીતે ડિલીટ પણ કરી દઈશું.

સંપૂર્ણ વિગતો માટે, કૃપા કરીને **gnestudy.info/privacy પર અમારી ગોપનીયતા નોટિસ** જુઓ.

24-030189-01/M-L02G (Gujarati)

Ipsos
National Centre for Social Research
verian
gnestudy@ipsos.com
0800 151 0610
gnestudy.info
@gnestudy
Freepost
IPSOS GNE STUDY